# ઉમેદવાર માટેની સૂચનાઓ :

**(આ તમામ સુચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.)**

1. વિદ્યાર્થીએ આપેલ સરનામા પર પ્રવેશ પત્રની સાથે હાજરી પત્રક મોકલવામાં આવેલ છે. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલલેટર ક્રમ હાજરીપત્રકમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી સાથે ફરજીયાત લાવવાનો રહેશે. અન્યથા પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

2. પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.

3. નિયત સમય પહેલાં એક કલાક અગાઉ જણાવેલ સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે. પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહિ.

4. ગુજરાત સરકાર અને યુનિવર્સિટીના ધારા–ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણકમિશ્નરશ્રીની કચેરીના તા.૨૩/૦૯/૨૦૨૫ ના ક્રમાંક : કવટ/ISC3/વર્ગ–૩/NOC/20546-48 ની શરતોને આધિન રહેશે.

5. પરીક્ષા દરમ્યાન કોઈપણ પ્રકારની ગેરરીતી ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે.

6. પરીક્ષા દરમ્યાન કોઇપણ પ્રકારના ઇલેકટ્રીક ઉપકરણો, મોબાઇલનો ઉપયોગ કરવો નહિ અને પરીક્ષાખંડમાં સાથે રાખવા પણ નહી.

7. દરેક ઉમેદવારે ફોટો આઇ.ડી.(ઈલેકશન કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધાર કાર્ડ) સાથે લાવવું ફરજીયાત છે અન્યથા પરીક્ષા ખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહી.

8. ઉમેદવારે માત્ર બ્લેક / બ્લ્યુ બોલ પેનનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઇપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ O.M.R. શીટમાં કરવો નહી.

9. આ લેખિત પરીક્ષાનું માળખુ અને અભ્યાસક્રમ "ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર" ના પ્રસ્થાપિત નિયમો મુજબ રહેશે.

10. ભાગ–૧ની પ્રાથમિક પરીક્ષા MCQ પ્રકારના પ્રશ્નોની રહેશે જેમાં ૧૦૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૦૧ (એક) ગુણ લેખે કુલ ૧૦૦ ગુણની રહેશે.

11. પરિક્ષાનો સમય ૬૦ મિનિટનો રહેશે.

12. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

13. પરીક્ષા શરૂ થયેથી પુરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

14. ખોટા જવાબદીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ પધ્ધતિ લાગુ પડશે.

15. દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ E" " Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો આ વિકલ્પ પંસદ કરી શકાશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.

16. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો. મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

17. ભાગ–૧ની લેખિત પ્રાથમિક પરીક્ષામાં ઉતીર્ણ થનાર પ્રથમ ૦૭ (સાત) ઉમેદવારોને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના પ્રસ્થાપિત નિયમો મુજબ મુખ્ય પરીક્ષા ૩૫૦ ગુણની લેવામાં આવશે, જેની જાણ પછીથી કરવામાં આવશે.

D. N. P. Arts & Com. College DEESA

Principal
D. N. P. Arts & Commerce College
DEESA, Dist. Banaskantha
North Gujarat, PIN : 385535